# ગેમ ડિઝાઈનર અને ડેવલપર

ગેમ ડિઝાઈનર અને ડેવલપર એ સોફ્ટવેર એન્જિનિયર, પ્રોગ્રામર અથવા વૈજ્ઞાનિક છે જે વીડિયો ગેમનું પરિક્ષણ, ડિઝાઇન અને જાળવણી કરે છે. ગેમ ડીઝાઈનર અને ડેવલપર એક ટીમના ભાગ રૂપે કામ કરી શકે છે અને ગેમની અંદર દર્શાવવામાં આવતા વાતાવરણના લેઆઉટ અંગે અંતિમ નિર્ણય ધરાવે છે. તેણી/તે એક એન્જિનિયર છે, સાથે સાથે તે એક ડિઝાઈનર પણ છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યૂટર પર સારી રીતે કામ કરી શકો છો
- તમને સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ છે
- તમને વિડીયો ગેમ્સ રમવાનું ગમે છે
- તમે ટીમ સાથે મળીને કામ કરવામાં સહજ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૪૦,૦૦૦ થી ૧૯,૯૮,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ગેમ ડિઝાઈન અને એનિમેશનમાં સ્નાતક (B.Design) (બી. ડિઝાઈન)ની ડિગ્રી પૂર્ણ કરી અને ત્યારબાદ, તે જ વિદ્યાશાખામાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી મેળવો.

**અથવા**

ગેમ ડિઝાઇન અને એનિમેશનમાં સ્નાતકની ડિગ્રી (B.Sc.) / એન્જિનિયરીંગની ઈન્ફર્મેશન ટેક્નોલોજી શાખામાં સ્નાતકની ડિગ્રી (BE) પ્રાપ્ત કરો, ત્યારપછી તે જ વિદ્યાશાખામાં અનુસ્નાતકની ડિગ્રી (M.Sc. / ME)ની ડિગ્રી મેળવો.

**અથવા**

કોઈ પણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કર્યા પછી કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક (B.Design)ની ડિગ્રી મેળવો અને ગેમ ડિઝાઈનિંગમાં PG Diploma કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ગેમ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૬,૬૬૭ થી ૧,૬૭,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Video_Game_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ગેમ ડેવલપિંગ કંપનીઓ, પ્રોડક્શન હાઉસમાં વી.એફ.એક્સ આર્ટીસ્ટ તરીકે.

**ઉદ્યોગસાહસિકતા:** તમે તમારો પોતાનો ઇન્ડી ગેમ સ્ટુડિયો શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ/જુનિયર ગેમ ડિઝાઈનર → સિનિયર ગેમ ડિઝાઈનર → ડિઝાઇન મેનેજર → ડિઝાઇન ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ગેમ ડેવલપર, ગેમ ક્રિએટર, ગેમ ડિઝાઈનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિઝાઇન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજિ, ગાંધીનગર
૨. મહારાજા સયાજીરાય યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, બેંગલુરુ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, ગાંધીનગર
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, હરિયાણા
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. કર્ણાવતી યુનિવર્સિટી, ગાંધીનગર
૨. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર
૩. યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૪. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઈન્દોર
૫. એશિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, બેંગલુરુ
૬. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, ફગવાડા
૭. શારદા યુનિવર્સિટી, ગ્રેટર નોઈડા
૮. યુનાઈટેડવર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન, અમદાવાદ
૯. વ્હિસલિંગ વુડ્સ ઇન્ટરનેશનલ, મુંબઈ
૧૦. સીજી એનિમેશન એકેડમી, પુણે

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https:// onlinecourses.swayam2.ac.in/aic20_ed01/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પૂર્ણિમા સીતારામન** ભારતીય ગેમિંગ ઉદ્યોગની પ્રમુખ વ્યક્તિઓ પૈકીના એક છે અને તેમણે ગેમિંગ ઉદ્યોગમાં મહિલાઓની આવશ્યક એવી ઓળખ ઊભી કરી છે. તેણે પિલ્લઈ કોલેજ ઓફ એન્જિનિયરીંગમાંથી ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં બી.ઈ. કર્યું છે. તે પિનાકા ઇન્ટરેક્ટિવના સહ-સ્થાપક છે અને તેણે ફાર્મવિલે અને બાયોશોક જેવી વિશ્વની કેટલીક સૌથી નોંધપાત્ર ગેમિંગ ફ્રેન્ચાઇઝીમાં કામ કર્યું છે. ૨૦૨૦માં, જ્યારે તેણે વુમન ઇન ગેમ્સ હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા ત્યારે તે વૈશ્વિક પ્રશંસા પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય ગેમ ડિઝાઈનર બન્યા.*.

સ્રોત:https://www.republicworld.com/technology-news/gaming/poornima-se[a]haraman-indian-game-designer-in-global-hall-of-fame.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.